# વિદેશ અભ્યાસ લોનની આવક મર્યાદા રૂ.૧૦ લાખ કરાઇ

**અત્યાર** સુધી જનરલ વર્ગ માટે આવક મર્યાદા રૂ.૬ લાખ હતી

ગાંધીનગર : વિદેશમાં ઉચ્ચ અભ્યાસનું સપનું જોતા ગુજરાતના બિન અનામત વર્ગના મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મોટી રાહત આપતો નિર્ણય કર્યો છે.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળની 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ.૬ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે. આવક મર્યાદામાં રૂ.૪ લાખનો વધારો થતાં અત્યાર સુધી માત્ર આવકની મર્યાદાના કારણે યોજનાથી વંચિત રહેતા અનેક વિદ્યાર્થીઓ હવે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે લોન સહાય મેળવી શકશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી રૂ.૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના પાત્ર વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનાનો લાભ મેળવવાનો માર્ગ મોકળો થયો છે. ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા પરિવારો માટે વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં અભ્યાસની તક મેળવવામાં આ નિર્ણય મહત્વનો સાબિત થઈ શકે છે.

### આવક મર્યાદામાં સીધો રૂ.૪ લાખનો વધારો

'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધી લાભ મેળવવા માટે વિદ્યાર્થીના પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ.૬ લાખ હતી. હવે આ મર્યાદા વધારીને રૂ.૧૦ લાખ કરાઈ છે. એટલે કે, અગાઉ રૂ.૬ લાખથી વધુ આવક ધરાવતા પરંતુ અન્ય રીતે પાત્ર વિદ્યાર્થીઓ યોજનાનો લાભ મેળવી શકતા ન હતા, ત્યારે હવે રૂ.૧૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ પણ આ યોજનાના દાયરામાં આવી શકશે.

### મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને વિદેશી શિક્ષણની તક

વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અભ્યાસ ફી ઉપરાંત રહેવા-જમવા સહિતના ખર્ચનો મોટો બોજ હોય છે. આવા સંજોગોમાં શૈક્ષણિક લોન વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે મહત્વપૂર્ણ આર્થિક સહારો બની શકે છે. આવક મર્યાદામાં કરાયેલા વધારાથી મધ્યમ આવક ધરાવતા પરિવારોના વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની તક મળશે. વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં અભ્યાસના કારણે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ પદ્ધતિ, આધુનિક ટેક્નોલોજી, સંશોધન અને આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવાની તક મળે છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી વધુ યુવાનોને વૈશ્વિક શિક્ષણ સાથે જોડવાનો માર્ગ સરળ બનશે અને ભવિષ્યમાં તેઓ ગુજરાત તથા દેશના વિકાસમાં યોગદાન આપી શકશે.

## ક્રેડિટ કાર્ડના બિલ ભરવાના બહાને ૧.૯૭ લાખની ઠગાઇ કરનાર ઝડપાયો

સુરતઃ ક્રેડિટ કાર્ડના બિલના નામે ૧,૯૭,૦૦૦ની ઠગાઇમાં ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. ઉત્રાણ પોલીસે કોન્સ્ટેબલ કાનજીભાઈ મોમાભાઈ તથા ઈન્દ્રજીતસિંહ ગંભીરસિંહને મળેલી ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે પોલીસે વરાછા મીની બજાર ખાતેથી આરોપી નિલેશ રણછોડભાઈ મકવાણા (ઉં.વ. ૨૪, રહે. રાજ નંદની સોસાયટી, ઉત્રાણ; મૂળ રહે. નેસવડ, તા. મહુવા, જી. ભાવનગર)ને પકડી લીધો હતો. આરોપી નિલેશ મકવાણા ફરિયાદીની ઓફિસે ગયો હતો અને ક્રેડિટ કાર્ડના બિલ કોઈપણ વધારાના પેનલ્ટી કે ચાર્જ વગર ભરી આપવાની વાત કરી તેમનો મોબાઈલ પાસે રાખી, તેમની જાણ બહાર બેંક એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂ. ૧,૯૭,૦૦૦/- પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

# તુકારામ મુંધેએ શાહરૂખ ખાન, ટાઇગર શ્રોફ અને અજય દેવગણને પણ સપાટામાં લીધા છે



મહારાષ્ટ્રમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના વડા તુકારામ મુંધે સામે સ્થાપિત હિતો દ્વારા ચલાવાઈ રહેલી ઝુંબેશ પછી પણ તેમને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો સંપૂર્ણ ટેકો મળ્યો છે. તુકારામ મુંધેએ મહારાષ્ટ્રભર ખાદ્ય સુરક્ષા નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરી છે. તાજેતરમાં ગુજરાતી તખતાના અને હિન્દી ફિલ્મોના જાણીતા કલાકાર પરેશ રાવલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને વિનંતી કરી છે કે તુકારામ મુંધેની બદલી કરો. તુકારામ મુંધેની ફૂડ સેફ્ટી માટેની ઝુંબેશની ઘણા જાગ્રત નાગરિકોએ પ્રશંસા કરી છે, જ્યારે બોમ્બે હાઈ કોર્ટે તેની ટીકા પણ કરી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પહેલી વાર FDA ચીફ તુકારામ મુંધેની કાર્યવાહી પર ટિપ્પણી કરતાં કહ્યું કે FDAની કાર્યવાહી ખૂબ સારી રીતે આગળ વધી રહી છે. જો ખોરાકમાં ભેળસેળ હોય અથવા ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે, તો તે લોકોના જીવન અને સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરે છે, તેથી, કડક કાર્યવાહી ચાલુ રહેશે.

શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઇગર શ્રોફ જેવા જાણીતા અભિનેતાઓ માટે તેમની વિમલ ઈલાયચી જાહેરાતને લઈને મુશ્કેલી વધતી જતી હોય તેવું લાગે છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ તાજેતરમાં ત્રણેય કલાકારોને નોટિસ ફટકારી છે. કમિશનર તુકારામ મુંધેએ આ મામલે એક મહત્ત્વપૂર્ણ નિવેદન જારી કર્યું છે કે નિયમો અને કાયદા બધા માટે સમાન છે અને આ મામલે કોઈ પણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં. આ મામલો ખાદ્ય સુરક્ષા અને ધોરણોના નિયમોનું કડક પાલન કરવાનો છે. FDA નિયમોની મુખ્ય જોગવાઈઓમાંની એક જાહેરાતો અને ભ્રામક દાવાઓ સાથે સંબંધિત છે. વિમલ કંપનીની જાહેરાત પાનમસાલા અને ગુટકા જેવા પ્રતિબંધિત ઉત્પાદનને પ્રોત્સાહન આપતી સરોગેટ જાહેરાત હોય તેવું લાગે છે. કાયદા સમક્ષ દરેક વ્યક્તિ સમાન છે અને આ સાંકળમાં સામેલ કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. શાહરૂખ ખાન, ટાઇગર શ્રોફ અને અજય દેવગનને FDA દ્વારા જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિમલ ઈલાયચીની જાહેરાત વિમલ બ્રાન્ડને પ્રોત્સાહન આપે છે, જે મુખ્યત્વે પાન મસાલા અને ગુટકાના ધંધા સાથે સંકળાયેલી છે.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

તુકારામ મુંધેએ મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનરનું પદ સંભાળ્યા પછી તેઓ સતત ઢાબાં, રેસ્ટોરાં, હોટલ અને વેરહાઉસ પર દરોડા પાડી રહ્યા છે. તેની શરૂઆત એક મિત્ર સાથે રેસ્ટોરન્ટમાં પનીરનું શાક ખાવાથી થઈ હતી. તુકારામ મુંધેએ તેમનું પદ સંભાળ્યું ત્યારે જ એક મિત્રએ તેમને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું. આ દરમિયાન તેમના મિત્રએ પનીરની વાનગીનો ઓર્ડર આપ્યો. જ્યારે પનીરની વાનગી ટેબલ પર આવી, ત્યારે મુંધેએ તેની કાળજીપૂર્વક તપાસ કરી. તેમને શંકા ગઈ કે રેસ્ટોરન્ટમાં વાસ્તવિક પનીરની જગ્યાએ કોઈ પ્રકારનું નકલી અથવા એનાલોગ પનીર પીરસવામાં આવી રહ્યું હશે. મુંધેએ તેમના મિત્રને પનીર ખાવા દેવાની ના પાડી. જોકે, તેમણે રેસ્ટોરન્ટ સામે તાત્કાલિક કોઈ કડક કાર્યવાહી કરી ન હતી. તેના બદલે તેમણે રેસ્ટોરન્ટને ખામીઓ સુધારવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો. મુંધેએ કહ્યું કે ૨૪ કલાક પછી મેં મારા અધિકારીઓને નિરીક્ષણ કરવા કહ્યું અને તે પછી જે બન્યું તે ઇતિહાસ છે.

મુંબઈમાં ખાદ્ય પદાર્થો અને પીણાનાં જાણીતા તેમ જ વર્ગદાર આઉટલેટો પર દરોડા પાડીને પ્રસિદ્ધિ મેળવનાર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન કમિશનર તુકારામ મુંડેની ટીમે વધુ બે સ્થળોએ દરોડા પાડ્યા છે. મુંબઈના ચેમ્બુરમાં પાર્લે એગ્રોના વેરહાઉસ પર દરોડા પાડીને એક્સપાયર થયેલી ફ્રુટી, એપી ફિઝ અને કેન્ડી જ્યુસ સહિત અનેક પીણાં જપ્ત કરવામાં આવ્યા છે. તેમની કિંમત ૧ લાખ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. દરોડા બાદ વેરહાઉસ સીલ કરી દેવામાં આવ્યું છે, અને ત્યાંથી માલના વેચાણ અથવા પરિવહન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે FDA ડાર્ક સ્ટોર્સ અને ક્વિક કોમર્સ કંપનીઓના અન્ય ફૂડ વ્યવસાયોની પણ તપાસ કરી રહ્યું છે. ૧૩ ઓગસ્ટના રોજ મહારાષ્ટ્રમાં બ્લિંકિટ, ઝેપ્ટો અને ઇન્સ્ટામાર્ટ સહિત ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મના ૮૬ સ્થળોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આમાંથી ૧૪નાં લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. સસ્પેન્ડ કરાયેલાં ૧૪ લાઇસન્સમાંથી પાંચ બ્લિંકિટ સ્થાપનાનાં, પાંચ ઝેપ્ટોનાં, બે ઇન્સ્ટામાર્ટનાં, એક ભગવતી સ્ટોર્સ અને એક સ્વિન્સ્ટા એન્ટ પ્રાઇવેટ લિમિટેડનાં હતાં. FDA ની કાર્યવાહી કેટલાક ડોમિનોઝ આઉટલેટો સુધી પણ પહોંચી છે. વિલે પાર્લે, બોરીવલી અને ઘાટકોપર જેવા વિસ્તારોમાં FDA એ સ્વચ્છતાના ઉલ્લંઘન પર કડક કાર્યવાહી કરી છે. વધુમાં, વિલિંગ્ડન સ્પોર્ટ્સ ક્લબ, ક્રિકેટક્લબ ઓફ ઈન્ડિયા અને અન્ય ક્લબોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કેટલીક જગ્યાએ વંદા, સમયસીમા સમાપ્ત થઈ ગયેલો ખોરાક અને નબળી સ્વચ્છતા મળી આવી હતી. ભિવંડીમાં એમેઝોનના વેરહાઉસ સામે પણ સમયસીમા સમાપ્ત થઈ ગયેલા માલ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ઉંદરો, વંદા, સડેલો ખોરાક અને ખરાબ રેફ્રિજરેશન જેવી સમસ્યાઓ મળી આવ્યા બાદ અનેક રેસ્ટોરન્ટો અને હોટલોનાં લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

તુકારામ મુંધેએ ૨૫ મે, ૨૦૨૬ ના રોજ મહારાષ્ટ્ર FDA કમિશનરનું પદ સંભાળ્યું હતું. ત્યારબાદ, તેમણે ભેળસેળ અને ખાદ્ય સુરક્ષા મુદ્દાઓ પર કડક કાર્યવાહી શરૂ કરી. લગભગ બે મહિનામાં સમગ્ર મહારાષ્ટ્રમાં ૧,૧૦૦ થી વધુ દરોડાઓ પાડવામાં આવ્યા હતા. આશરે ૫૦ કરોડ રૂપિયાનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો, જેમાં ૧.૬ લાખ લિટર ભેળસેળયુક્ત દૂધનો સમાવેશ થાય છે. ૫૬ રેસ્ટોરન્ટના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. સંગઠિત ગુટખા નેટવર્ક્સ સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (MCOCA) પણ લાગુ કરવામાં આવ્યો હતો. તેમણે પેપ્સિકો, રેડ બુલ અને સ્ટિંગ જેવી કંપનીઓને તેમનાં પીણાંને એનર્જી ડ્રિંક્સ તરીકે લેબલ કરવા અંગે ચેતવણી આપી હતી. આ પછી કંપનીઓ સૂચનાનું પાલન કરવા સંમત થઈ હતી. ત્રણ મહિના પહેલા FDA કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી, તુકારામ મુંધેએ મહારાષ્ટ્રના ખાદ્ય અને પીણાં ઉદ્યોગ પર કડક કાર્યવાહી શરૂ કરી છે. સ્વચ્છતાના ઉલ્લંઘન અને જાહેર આરોગ્ય અંગેની ચિંતાઓને ટાંકીને તેમના વિભાગે અનેક મોટી રેસ્ટોરાં, આઈસ્ક્રીમ પાર્લર અને ડેરીઓનાં લાઇસન્સ રદ્દ કર્યાં છે. પારસી ડેરી અને રૂસ્તમ આઇસ ક્રીમ પાર્લર જેવી મુંબઈની જાણીતી દુકાનોમાં પણ દરોડા પાડીને તેમણે તેમનાં લાઇસન્સ રદ્દ કર્યાં છે. આ કાર્યવાહી ફાઇવ સ્ટાર હોટલથી લઈને સરકારી કેન્ટીન સુધીના સ્થળોએ કરવામાં આવી છે. થોડા દિવસ પહેલાં બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) કમિશનર તુકારામને તેમના વર્તન બદલ ઠપકો આપ્યો હતો અને પૂછ્યું હતું કે તમે ખાનગી પેઢીઓ ઉપર જ શા માટે દરોડા પાડો છો? તેના એક દિવસ પછી તુકારામ મુંડેની ટીમ હાઈકોર્ટની કેન્ટીનનું નિરીક્ષણ કરવા પહોંચી ગઈ હતી. હાઈકોર્ટની કેન્ટીન લાઈસન્સ વગર ચાલતી હતી એ તેમણે બંધ કરાવી હતી. બે દિવસ પછી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની કેન્ટીનમાં દરોડા પાડી તેમણે તેને પણ બંધ કરાવી હતી.

તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ને પુણે સ્થિત ડેરી અને મીઠાઇ વિક્રેતાને ૫ લાખ રૂપિયાનું નુકસાન ચૂકવવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે ૯૮ ટકા પાલન છતાં મીઠાઈની દુકાનનું લાઇસન્સ સસ્પેન્ડ કરવા બદલ FDA ને ઠપકો આપ્યો હતો. પુણે સ્થિત ગુરુનાનક ડેરી એન્ડ સ્વીટ્સે બોમ્બે હાઈકોર્ટમાં FDAનાં આ પગલાંને પડકારતી અરજી દાખલ કરી હતી. દુકાનના માલિકે જણાવ્યું હતું કે FDAના આ પગલાંથી તેમને ૮.૭૪ લાખ રૂપિયાનું નાણાંકીય નુકસાન થયું છે. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંકડે ૧૨ જૂનના દુકાનના સસ્પેન્શનના આદેશને તાત્કાલિક અસરથી રદ કર્યો હતો અને ગુરુનાનક ડેરી અને સ્વીટ્સને તેના છૂટક વ્યવસાયને ફરીથી શરૂ કરવાની સ્વતંત્રતા આપી હતી. બોમ્બે હાઈકોર્ટની વારંવારની ટકોરથી વિચલિત થયા વગર તુકારામ મુંધેએ પોતાની સ્થાપિત હિતો સામેની ઝુંબેશ ચાલુ રાખી છે, કારણ કે તેમને જનતાનો જોરદાર ટેકો મળ્યો છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે પહેલી વાર FDA ચીફ તુકારામ મુંધેની કાર્યવાહી પર ટિપ્પણી કરતાં કહ્યું કે FDA ની કાર્યવાહી ખૂબ સારી રીતે આગળ વધી રહી છે**

# પવિત્ર ગિરનાર પર દારૂ પીવાનો વિડીયો વાયરલ થતાં સાધુ-સંતોમાં રોષ

**જવાબદારો** સામે દાખલારૂપ કડક કાર્યવાહી કરવાની માંગ

ગાંધીનગરઃ જૂનાગઢના પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત પર કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા દારૂ પીવામાં આવતો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓમાં ભારે રોષ ફેલાયો છે. ગિરનારની પવિત્રતા અને ધાર્મિક મર્યાદાને ઠેસ પહોંચાડતી આવી પ્રવૃત્તિઓ સામે પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે દાખલારૂપ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. ખાખી મઢી મેંદરડા આશ્રમના મહંત સુખરામદાસ બાપુએ આ સમગ્ર મામલે આકરો રોષ વ્યક્ત કરી ગિરનાર જેવા પવિત્ર ધામની સાત્વિકતા અને પવિત્રતા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે તેવું જણાવ્યું છે.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયોમાં ગિરનાર પર્વત પર કેટલાક લોકો દારૂ પીતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વિડીયો સામે આવ્યા બાદ ગિરનારની ધાર્મિક આસ્થા અને પવિત્રતા સાથે જોડાયેલા સાધુ-સંતો તેમજ શ્રદ્ધાળુઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ગિરનાર લાખો લોકો માટે આસ્થાનું કેન્દ્ર હોવાથી અહીં ધાર્મિક મર્યાદા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા કડક તકેદારી રાખવાની માંગ કરવામાં આવી છે.

મહંત સુખરામદાસ બાપુએ જણાવ્યું હતું કે ગિરનાર માત્ર એક પર્વત નહીં પરંતુ લાખો લોકોની આસ્થાનું પવિત્ર ધામ છે. આવા પવિત્ર સ્થળની સાત્વિકતા અને મર્યાદા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ સ્વીકારી શકાય નહીં. ગિરનારની પવિત્રતાને દૂષિત કરવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે પોલીસ દ્વારા દાખલારૂપ અને સખત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# ST પાસમાં હવે ૧૫ દિવસના ભાડામાં ૩૦ દિવસની મુસાફરી

ત્રિમાસિક પાસમાં ૫૪ને બદલે ૪૫ દિવસનું ભાડું, ૨.૫ લાખથી વધુ નોકરિયાતો-ધંધાર્થીઓને સીધો લાભ

ગાંધીનગરઃ રાજ્યમાં એસ.ટી. બસમાં રોજિંદા અપડાઉન કરતા નોકરિયાતો, વેપારીઓ અને ધંધાર્થીઓને મોટી આર્થિક રાહત આપતો નિર્ણય ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા લેવામાં આવ્યો છે.

'દૈનિક મુસાફર પાસ યોજના'માં ભાડાના માળખામાં ફેરફાર કરીને મુસાફરોને ૫૦ ટકા સુધીની ભાડા રાહત આપવામાં આવી છે. નવા નિર્ણય મુજબ હવે માસિક પાસ માટે ૧૮ દિવસને બદલે માત્ર ૧૫ દિવસનું ભાડું ચૂકવીને ૩૦ દિવસ સુધી મુસાફરી કરી શકાશે, જ્યારે ત્રિમાસિક પાસમાં ૫૪ દિવસને બદલે માત્ર ૪૫ દિવસનું ભાડું ચૂકવીને ૯૦ દિવસ સુધી મુસાફરીનો લાભ મળશે. નિગમના આ નિર્ણયથી રાજ્યના ૨.૫ લાખથી વધુ દૈનિક મુસાફરોને સીધો આર્થિક લાભ મળશે.

નિગમ દ્વારા મુસાફરોના હિતને ધ્યાનમાં રાખીને દૈનિક મુસાફર પાસ યોજનામાં કરાયેલા ફેરફારથી નિયમિત અપડાઉન કરતા મુસાફરોના માસિક મુસાફરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. અત્યાર સુધી માસિક પાસ માટે ૧૮ દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું, પરંતુ હવે મુસાફરે માત્ર ૧૫ દિવસના ભાડામાં આખા ૩૦ દિવસ મુસાફરી કરી શકશે.

તે જ રીતે ત્રિમાસિક પાસ ધારકોને પણ મોટી રાહત આપવામાં આવી છે.

અગાઉ ૯૦ દિવસના ત્રિમાસિક પાસ માટે ૫૪ દિવસનું ભાડું વસૂલવામાં આવતું હતું. હવે મુસાફરોને માત્ર ૪૫ દિવસનું ભાડું ચૂકવીને સતત ૯૦ દિવસ સુધી એસ.ટી. બસમાં મુસાફરીનો લાભ મળશે.

# BUSINESS મિત્ર

### હોર્મુઝ વિવાદ અને ક્રૂડના ભડકાથી નિફ્ટી 24,100ની નીચે

# સળંગ 7મા દિવસે ભારતીય બજારમાં ગાબડું

**રોકાણકારોના** 3.47 લાખ કરોડ રૂપિયા સાફ થઇ ગયા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** અમેરિકાના નકશામાં હોર્મુઝ સ્ટ્રેટને દર્શાવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે અને સતત ચોથા દિવસે ક્રુડ ઓઇલ ઉખળતા એશિયન બજારો લાલ રંગમાં જોવા મળ્યા હતા, જેની અસર ભારતીય શેરબજાર સાતમા દિવસે નરમાઈ જોવા મળી હતી. જેમાં નિફ્ટી 24000 પોઈન્ટની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે હેવીવેઇટ, લાર્જકેપ સહિત બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસોથી આઈટી સેકટરમાં દબાણ જોવાયું હતું, જેને આજે સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, જે અડધા ટકાનો સુધારો જોવાયો હતો. જોકે, એફએમસીજી અને ઓટો સેકટરમાં દબાણ જોવાયું હતું. આજે સેલઓફ વાતાવરણમાં બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 3.47 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. બીએસઇ લિસ્ટેટ કંપનીની માર્કેટ કેપ રૂ. 392 લાખ કરોડથી ઘટીને રૂ. 488 લાખ કરોડ પહોંચી છે.

બીએસઇ સેન્સેક્સ 325.78 પોઈન્ટ એટલે કે 0.42 ટકા વધીને 76909.68 પોઈન્ટના સ્તરેબ ધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77347 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76822 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 76.60 પોઈન્ટ એટલે કે 0.32 ટકા ઘટીને 24078.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 24100 પોઈન્ટની સપાટી તોડી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24172 સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24025 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 22.65 પોઈન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 57239.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એસ્ટર ડીએમમાં 33.95 ગણા, રેલટેલ કોર્પોરેશનમાં 16.11 ગણા, એબોટ ઈન્ડિયામાં 14.41 ગણા, ગ્લેક્સોસ્મીથમાં 11.13 ગણા અને ટ્રાવેલ ફુડ સર્વિસીસમાં 8.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એસ્ટર ડીએમમાં 71.76 ગણા, રેલટેલ કોર્પોરેશનમાં 29.8 ગણા, અદાણી ટોટલ ગેસમાં 13.71 ગણા, ગ્લેક્સોસ્મીથમાં 10.3 ગણા અને ઈન્દ્રપ્રસ્થ ગેસમાં 9.86 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈન ઈન્ડેક્સમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.44 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.67 ટકા ઘટ્યો હતો. માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1814 શેરો વધ્યા હતા, જ્યારે 2479 શેરો ઘટ્યા હતા અને 241 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.93 ટકા ઘટ્યા હતા. જેમાં એમફાસીસ, એલટીએમ, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનો, કોફોર્જ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, વિપ્રો, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફટવેર ઘટ્યા હતા.

ઈરાન અને અમેરિકા વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં માહોલ ગરમાયો છે અને તેની અસર વૈશ્વિક બજારો ઉપર જોવા મળી હતી. આ દરમ્યાન યુકેના વાર્ષિક ગ્રાહક ભાવ ફુગાવો જુનમાં 2.6 ટકાથી વધીને જુલાઈમાં 2.9 ટકા થયો હોવાથી મોટા ભાગના યુરોપિયન બજારોમાં નીચા વેપાર થયા હતા, જે ઓકટોબર 2022 પછી ગેસના ભાવમાં સૌથી તીવ્ર વધારો કારણે ચાલે છે. યુએસ ટેકનોલોજી અને સેમિકંડકટર શેરોમાં તીવ્ર વેચાણ પછી એશિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. જ્યારે ટ્રેઝરી યીલ્ડમાં વધારો અને ઓઇલના તીવ્ર વધતા ભાવોએ જોખમી સંપત્તિ પર દબાણ વધાર્યુ હતું. દક્ષિણ કોરિયાની કોસ્પી 5 ટકાથી વધુ ઘ્ટયું હતું. તીવ્ર ઘટાડાના કારણે પ્રોગ્રામ વેચાણ પર અસ્થાયી અટકી ગયું, ઉંચા ફુગાવાની ભીતિએ બજારમાં નરમાઇ જોવા મળી રહી છે.

યુરોપિયન બજારોમાં એપટીએસઇ 0.08 ટકા અને ડેક્સ 0.07 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.34 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 3.19 ટકા, સ્ટ્રેઈટસ 0.13 ટકા, તાઈવાન 1.32 ટકા, કોસ્પી 6.16 ટકા, જકાર્તા 0.87 ટકા અને શાંઘાઇ 2.46 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.04 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં મજબૂતાઇ આગળ વધી

ક્રુડ ઓઇલના ભાવ ઉછળવાનું ચાલુ રાખતા ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. કરન્સી બજારમાંડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 95.76ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.69ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.33, પાઉન્ડ 129.39, કેનેડિયન ડોલર 68.88, ઓસ્ટ્રેલિયન ડોલર 67.98, જાપાનીઝ યેન 0.6046 અને સીંગાપોર ડોલર 75.39ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.75 રૂ. |
| યુરો | 111.33 રૂ. |
| પાઉન્ડ | 129.39 રૂ. |
| યેન | 0.6046 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -325.78 | 76909.68 |
| નિફ્ટી | -76.60 | 24078.30 |
| બેન્ક નિફ્ટી | -22.65 | 57239.75 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 2.06 | 1324.80 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.44 | 1285.80 |
| સન ફાર્મા | 1.33 | 1900.00 |
| ઇટર્નલ | 1.30 | 320.00 |
| વિપ્રો | 0.84 | 179.55 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 1.72 | 997.00 |
| કોલ ઇન્ડિયા | 1.70 | 400.00 |
| પાવરગ્રીડ | 1.68 | 263.50 |
| બજાજ ફાઇ. | 1.29 | 1080.20 |
| આઇટીસી | 1.09 | 267.05 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.73 | 1322.50 |
| ઇટર્નલ | 1.33 | 320.20 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.23 | 392.05 |
| સન ફાર્મા | 1.15 | 1898.00 |
| ટાઇટન કંપની | 0.27 | 5064.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.00 | 262.45 |
| બજાજ ફાઇ. | 1.31 | 1078.60 |
| લાર્સન-ટુબ્રો | 1.27 | 4030.10 |
| આઇટીસી | 1.18 | 266.90 |
| એચયુએલ | 0.98 | 2016.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૬૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૬૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૬૪૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૯૦૦ |

# રૂપિયાનું અવમૂલ્યન રોકવા દોડધામ નકામી: સંજીવ સાન્યાલ

**રૂપિયાને** મુક્ત બજાર આધારિત તરતો મૂકવા ભલામણ; વિનિમય દર કરતાં ફુગાવાને નિયંત્રણમાં રાખવો દેશ માટે વધુ હિતકારી

નવી દિલ્હી, તા. 19: ભારતે રૂપિયાના અવમુલ્યનને રોકવાનો પ્રયાસ ન કરવો જોઈએ, તેના બદલે તેને બજાર અનુસાર પોતાનું સ્તર નક્કી કરવાની મંજુરી આપવી જોઈએ તેમ જણાવતા પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે જણાવતા કહ્યું કે, સરકારનું ધ્યાન મોંઘવારી પર કાબુ રાખવા પર હોવું જોઈએ.

સાન્યાલે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે દેશે ફુગાવાના લક્ષ્યાંકિત માળખાને અપનાવ્યું ત્યારે તેણે ચલણ વિનિમય દર પર નાણાકીય નીતિ પસંદ કરી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઓપન કેપિટલ એકાઉન્ટવાળી અર્થવ્યવસ્થામાં નીતિ નિર્માતાઓને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે.

ભારતનું માળખું એ સિદ્ધાંત પર આધારિત છે કે કોઈપણ દેશ એક સાથે સ્વતંત્ર નાણાકીય નીતિ ચલાવી શકતો નથી અને તેના ચલણના વિનિમય દરને કડક રીતે નિયંત્રિત કરી શકતો નથી. ભારત જેવા મોટા અને આંતરિક રીતે મજબૂત દેશ માટે રૂપિયાનો દર નક્કી કરવાને બદલે મોંઘવારી પર લક્ષ્ય રાખવું એ યોગ્ય પગલું છે.

સાન્યાલે ભારપુર્વક જણાવ્યું હતું કે, ભારતે રૂપિયાના સ્તરમાં દખલ ન કરવી જોઈએ. તેમણે કહ્યું કે, મોંઘવારી લક્ષ્યાંકિતિ કરવાની પ્રણાલીને દેશમાં ખુબજ સારી રીતે કામ કર્યુ છે. એક સમય હતો જ્યારે ભારતમાં ફુગાવાનો દર 9 ટકાથી 12 ટકાની રેન્જમાં હતો, જ્યારે છેલ્લા દાયકામાં તે સફળતાપુર્વક ઘટીને 2 ટકાથી 6 ટકાની રેન્જમાં આવી ગયો છે. રૂપિયો બજારમાં છોડવાનો અર્થ એ નથી કે કેન્દ્રીય બેન્ક અથવા સંબંધિત અધિકારીઓ સંપુર્ણ ચુપ બેસશે.

રૂપિયો નબળો પડે તે અર્થવ્યવસ્થા માટે હાનિકારક હોય છે, પણ નિકાસકારોને ફાયદો થાય છે. વિશ્વના ઘણા દેશોની ચલણમાં ખુબ વધઘટ થાય છે, તેથી જો સ્થાનિક સ્તરે ભાવ સ્થિર રહે છે, તો નબળો રૂપિયો અર્થવ્યવસ્થા માટે અવરોધ બનતો નથી.

# SBIના બેઝિક એકાઉન્ટમાંથી રોકડ ઉપાડવી મોંઘી બનશે

**1 ઓક્ટોબરથી** શાખામાંથી 4 થી વધુ વખત ઉપાડ પર રૂ. 15 + GST સર્વિસ ચાર્જ લાગુ

મુંબઇ, તા. 19: દેશની સૌથી મોટી સરકારી બેન્ક એસબીઆઇએ બેઝિક સેવીંગ્સ બેન્ક ડિપોઝીટ ખાતાધારકો માટે રોકડ ઉપાડના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. એસબીઆઇ શાખામાંથી રોકડ ઉપાડ પર નવો સર્વિસ ચાર્જ લાદવા જઇ રહી છે, જેની સીધી અસર સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર પડશે.

બેન્કે પરિપત્ર મુજબ આ નિયમ 1 ઓકટોબરથી દેશભરમાં લાગુ થશે. જો તમારૂં એસબીઆઇમાં બેઝિક સેવીંગ્સ એકાઉન્ટ પણ છે, તો તમારા માટે નવા નિયમો લાગુ કરાયા છે. એસબીઆઇના નવા ચાર્જ શેડ્યુલ મુજબ બેઝિક સેવિંગ્સ બેન્ક ડિપોઝીટ ખાતા હેઠળ દર મહિને 4 વખત બેન્ક શાખામાંથી રોકડ ઉપાડવી સંપુર્ણપણે મફત રહેશે. આ સિવાય જો તમે મહિનામાં ચાર વખતથી વધુ વખત રોકડ ઉપાડો છો, તો તમારે ટ્રાન્ઝેકશન દીઠ રૂ. 15 પ્લસ જીએસીટ ચુકવવો પડશે. અત્યાર સુધી એટીએમમાં રોકડમાં મર્યાદા જોવાઇ હતી, તેવી જ રીતે હવે શાખામાંથી રોકડ ઉપાડવાની પણ મર્યાદા લગાવવામાં આવી છે અને ચાર વખત સુધી ફ્રી, પણ ત્યારબાદ ચાર્જ લાગુ કરાશે. આ નવા નિયમ ફક્ત તે ખાતાધારકોને અસર કરશે જે દર મહિને ચાર વખતથી વધુ વખત એસબીઆઇ શાખાની મુલાકાત લઈને રોકડ ઉપાડે છે.

# PNG પ્રોત્સાહક યોજનાથી સિટી ગેસ શેરોમાં ધૂમ: શેરો 5% સુધી ઉછળ્યા

નવી દિલ્હી, તા. 19: પીએનજી પ્રોસ્તાહક યોજનાની મંજુરી સાથે સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનના શેરમાં ધુમ મચી ગઇ છે. આજે અદાણી ગેસ, આઇજીએલ અને મહાનગર ગેસ જેવા શેરોમાં 3થી 5 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. નવી પીએનજી પ્રોત્સાહક યોજના 1 સપ્ટેમ્બરથી અમલમાં આવશે. આ યોજના હેઠળ સિટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ નવા ઘરેલું પીએનજી કનેકશન પર પ્રોત્સાહન મળશે. કંપનીઓને પ્રોત્સાહન તરીકે સસ્તો એપીએમ ગેસ મળશે. નવા જોડાણમાં 200 એસસીએમ વધારાનો એપીએમ ગેસ મળશે. આ યોજનાનો અમલ છ મહિનાના સમયગાળામાં 2 તબક્કામાં કરવામાં આવશે. પીએનજી કનેકશન પર સીજીડીનો પેબેક પિરિયડ ઘટશે.